# ઇતિહાસ વિભાગ

## વાર્ષિક અહેવાલ (2024-25)

### ડો. આર.બી.વાઘેલા

- તારીખ 14/09/2024 ના રોજ ઇતિહાસ વિભાગ દ્વારા 'ક્વિઝ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 76 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.
- તારીખ 24/02/2025 ના રોજ ઇતિહાસ વિભાગ દ્વારા "સરદાર પટેલનું જીવન અને રાષ્ટ્રહિતના કાર્યો" પર એસ.વી.આર્ટસ કૉલેજ,અમદાવાદના આચાર્ય ડૉ. જગદીશ.એસ. ચૌધરી સાહેબશ્રીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં 126 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.
- તારીખ 03/08/2024 ના રોજ IDEAL RESERCH AN INTERNATIONAL MULTIDISCIPLINARY E- JOURNALમાં sarfadsa સરદાર પટેલ અને ગાંધીના સંબંધો વિષય પર શોધપત્ર પ્રકાશિત થયું.
- International peer- reviewed referred journal( ISSN2321-2160) Impact factor : 5.4- December-2024 માં 'સ્થાપત્યકલાનો ભવ્ય વારસો:અમદાવાદની વાવો'વિષય પર શોધપત્ર રજૂ કર્યું હતું.

Bhartiya Vidya Bhavan's Shri Ishvarlal L.P. Arts - Sc. &
J. Shah Comm. College - Dakor, Dist. Khaira, Gujarat-388 225
(NAAC Re-Accreditation CGPA 2.85 Grade - 'B++')
Mo.: 9426075795
Managed by Bhartiya Vidyabhavan, Dakor Kendra Dakor - 388 225, Ta. Thasra, Dist. Kheda, (Gujarat)
Website : www.bhavanscollegedakor.org E-mail ID : bhavansdakor@rediffmail.com
Principal


363/2024-25 Date : 23/09/2024

ભવન કોલેજ ડાકોરમાં ઇતિહાસ વિભાગ દ્વારા ક્વિઝ સ્પર્ધા યોજાઇ.

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત 'ભવન્સ, ઈશ્વરલાલ એલ.પી.આર્ટસ સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કૉલેજના ઈતિહાસ વિભાગ દ્વારા 'ક્વિઝ 'સ્પર્ધાનું તા.૧૪/૯/૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવ્યું .

પ્રાર્થના બાદ ' ઇતિહાસ વિભાગના અધ્યક્ષ અને આ કાર્યક્રમના સંયોજક ડૉ.આર. બી.વાઘેલાએ મંચસ્થ મહાનુભાવોનો શાબ્દિક પરિચય કરાવી , ક્વિઝ સ્પર્ધાના નિયમો અંગે માર્ગદર્શન આપ્યું.સંસ્થાના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ટી.આર.ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરી, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.આર્ટસ વિભાગના સંયોજક ડૉ એ.કે.ચૌધરી અને નેક તથા ઇનોવેશન કલબના સંયોજક ડૉ સહજ ગાંધી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ સ્પર્ધામાં ૭૬ થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ સ્થાને સોઢા અંકિત જી( બી.એ .સેમ.૩, દ્વિતીય સ્થાને સોલંકી મહિપાલ એમ ( એમ. કોમ.સેમ.૧) અને ભોઈ મનીષા સી.( બી.એ સેમ.૩), તૃતીય સ્થાને પરમાર ભગવતી એસ.(બી.એ.સેમ.૫) અને સોલંકી હર્ષાપાલ ડી. (બી.એ.સેમ.૫)વિજેતા બન્યા હતા.નિર્ણાયક તરીકે ડૉ.ગોરધન રોહિતે કાર્ય હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.


(ડૉ. ટી. આર. ત્રિવેદી )
કા.આચાર્ય.


ઇતિહાસ વિભાગ આયોજિત
ક્વિઝ સ્પર્ધા
Simlaj, Gujarat, India
P4JR+VCP, Simlaj, Gujarat 388225, India
Lat 22.733009°
Long 73.140674°
14/09/24 11:05 AM GMT +05:30

# સ્થાપત્યકલાનો ભવ્ય વારસો: અમદાવાદની વાવો

ડૉ. રાજેશભાઈ બી.વાઘેલા
અધ્યક્ષ ઈતિહાસ વિભાગ, ભવન્સ કોલેજ ડાકોર

સારાંશ :



ગુજરાત તેના ભવ્ય સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા થકી વિશ્વભરમાં ખ્યાતનામ છે. ઈતિહાસનો ભવ્ય વારસો સાચવીને બેઠેલી વાવોની બાંધણી અને કલાકૃતિ તત્કાલીન સમયની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનું વર્ણન કરે છે. અમદાવાદના સ્થાપત્યોમાં હિંદુ અને મુસ્લિમ શિલ્પકલાનો અદ્દભૂત સમન્વય જોવા મળે છે. અમદાવાદમાં અડાલજની વાવ, દાદા હરીની વાવ, માતા ભવાનીની વાવ, જેઠાભાઈની વાવ, સિધ્ધાર્થ મણકીવાલાનાં પૂર્વજોએ બાંધેલી વાવ અને પાંચ કુવા દરવાજા પાસે આવેલી અમૃત વર્ષિણી વાવ સ્થાપત્ય કળાનાં ઉત્તમ નમૂના રૂપ છે. માતર ભવાનીની વાવ જેવી સાધારણ વાવો મળીને કુલ અંદાજે 20 જેટલી વાવો અમદાવાદમાં આવેલી છે. વર્ષો પૂર્વે બંધાવેલ વાવોને બંધાવનાર વ્યક્તિનો દ્રષ્ટિકોણ અને માનસિક અભિગમ પણ અહીં છતો થાય છે. અમદાવાદનું વાવ સ્થાપત્ય વિશ્વ ફલક ઉપર પ્રભાવ પાડી શકે તેવા સ્થાપત્યોનું નિર્માણ થયેલું છે જે વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ચાવીરૂપ શબ્દો: વારસો, વાવ, સ્થાપત્ય, અમદાવાદની વાવો, અમદાવાદ સ્થાપત્ય, અમદાવાદ હેરિટેજ.


## પ્રાસ્તાવિક :

ઈતિહાસકાર ડૉ. કુમારપાળ પરમાર મુજબ, ‘વાવ એ જમીન પરની કંટાળાજનક બાહરી દૂનિયામાંથી ખુશનુમા દૂનિયામાં જવા માટેનો પ્રવેશદ્વાર છે.’ પદ્મશ્રી મહાકવિ અવિનાશ વ્યાસ એ આપોઆપ પગ થરકાવવાનુ અને કેડ લચકાવવાનું મન થઈ જાય એવુ મસ્તીસભર ગીત વાવ પર રચ્યું છે.

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી
દાડમળી ના દાણા રાતા ચોળ ,
રાતા ચોળ સે પગમા લકકડ્ પાવડી ને ,
જરીયલ પેરી પાઘલડી પાઘલડીના તાણા રાતાચોળ,

લોકસાહિત્યમાં પણ વાવના ઉલ્લેખ મળી આવે છે, ત્યારે ગુજરાતના સ્થાપત્યની વારસામાં વાવોના એક મહત્વનું સ્થાન છે. ભારતીય સંસ્કૃત્તિના ઈતિહાસના પાના ફંફોસીએ ત્યારે આપણને મોગલ સમય કે તેની આસપાસના રાજાશાહીના સમયગાળા દરમિયાન પાણી સંચય કે પાણી સંબંધિત અનેકવિધ સ્વરૂપે કરાયેલી કામગીરીની ઘટનાઓ/વાર્તાઓ આપણને જાણવા મળે છે. પાણી સંબંધિત તે સમયે કરાયેલી કામગીરીના સચોટ આધાર પૂરાવાઓ આપતી બેનમુન કલા-કારીગરીની પ્રતિતિ કરાવતા વાવ, કુવા, સરોવર કે તળાવના વિવિધ ઐતિહાસીક સ્મારકો આજે પણ હયાત અવસ્થામાં સચવાયેલા જુદા જુદા સ્થળે જોવા-જાણવા મળે છે. આવા બેમીશાલ સ્મારકો આપણને તે સમયના લોકોની દીર્ઘકાલીન જળ વ્યવસ્થાપનની સોચ-સમજ ઉપર વિચાર કરતાં કરી મૂકતા હોય છે. એવા જ એક ઐતિહાસીક સ્મારક તરીકે અમદાવાદના વાવ સ્થાપત્યની વાત અહીં કરવી છે.


**અડાલજની વાવ :**



રૂડાબાઈની વાવ કે જે મોટેભાગે અડાલજની વાવ તરીકે ઓળખાય છે તે ગુજરાતનાં અમદાવાદ પાસેથી પસાર થતાં સરખેજ-ગાંધીનગર ધોરીમાર્ગ ઉપર ગાંધીનગર તાલુકાનાં અડાલજ ગામમાં આવેલી વાવ છે. અડાલજ ગામની સીમમાં વીરસંગ વાઘેલાએ પત્ની રાણી રૂડીબાઈની માટે વાવનું બાંધકામ શરૂ કરાવ્યું હતું પરંતુ તે યુદ્ધમાં માર્યો ગયો હતો. વીરસંગના મૃત્યુ પછી વાવનું બાંધકામ અટકી પડેલ. મહમદ બેગડો રાણી રૂડીબાઈના રૂપથી અંજાઈને તેમને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાણી રૂડીબાઈએ શરત રાખી કે જો મહમદ વાવનું કામ પૂર્ણ કરાવશે તો તેની સાથે લગ્ન કરશે, કારણ કે રાણીને તેમના પતિની ઈચ્છા પૂર્ણ કરીને પ્રજા કલ્યાણનું કામ પૂર્ણ કરવું હતું. તેના પછી મહમદ બેગડાએ વાવનું નિર્માણ ઈ.સ. ૧૪૯૯માં પૂર્ણ કરાવ્યું હતું. રાણી રૂડીબાઈ ત્યારબાદ વાવનું બાંધકામ જોવા ગયા. તેમનો ઉદ્દેશ્ય પૂર્ણ થઈ ગયેલ લાગતા તેમણે વાવમાં જંપલાવીને આત્મહત્યા કરી લીધી. આથી આ વાવને રૂડીબાઈની વાવ પણ કહેવામાં આવે છે. આ વાવનાં નિર્માણમાં તે સમયના અંદાજે ૫ લાખ રુપિયાનો ખર્ચ થયો હતો. આ વાવના સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમાના દીકરા મારન હતા.

આ વાવ ચુના પથ્થરથી નિર્મિત હિંદુ-મુસ્લિમ સ્થાપત્યકળાનો એક ઉત્કૃષ્ઠ નમુનો છે. આ વાવ પાંચ માળ ઊંડી છે. આ વાવ ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર ધરાવતી હોવાથી શાસ્ત્રો મુજબના વર્ગીકરણ પ્રમાણે જયા પ્રકારની ગણાય છે. ઉત્તર દક્ષિણ ધરી પર ગોઠવાયેલી આ વાવની કુલ લંબાઇ ૨૫૧ ફૂટ છે, જ્યારે ઉત્તર દિશામાં આવેલા કૂવાની ઊંડાઇ ૫૦ ફૂટ જેટલી છે. પાંચ માળની આ ઈમારત જમીનમાંનાં પાણીના પ્રથમ ઝરણા સુધી બનાવવામાં આવી છે. જેના દ્વારા ગરમ અને સૂકા પ્રદેશમાં પાણીનું બાષ્પીભવન થયા વગર પાણી મળતું રહે. પાણીની અછતવાળા પ્રદેશમાં અતિ ઉપયોગી એવા આ પ્રકારનાં સ્થાપત્ય વિશ્વમાં માત્ર ગુજરાત અને રાજસ્થાનમાં જ જોવા મળે છે. જમીનમાં ઊંડા ખોદકામથી માટી ધસી ન પડે તે માટે પથ્થરની દીવાલ ચણવામાં આવી છે, જેને સિમેન્ટ કે સળિયા વગર માત્ર પથ્થરના જ થાંભલા વડે ટેકવવામાં આવી છે. પાંચસો વર્ષ પહેલાં બંધાયેલી આ ઈમારત ધરતીકંપ, પૂર જેવી કુદરતી હોનારતો સામે અડીખમ ઉભી રહી તેના બાધકામના ઇજનેરી કૌશલ્યનો સચોટ ખ્યાલ આપે છે. વાવમાં પગથિયાં દ્વારા ૫૦ ફૂટ ઊંડા પાણીના કૂવા સુધી પહોંચાય છે, જ્યારે પશુને પાવા માટે તથા સિંચાઇને લગતા પાણી માટે ૧૭ ફૂટ વ્યાસના ગોળ કૂવામાંથી ગરગડી દ્વારા પાણી ખેંચી શકાય તેવી વ્યવસ્થા છે. પગથિયાનાં કૂવાની ફરતે ગેલેરી સ્વરૂપે પથ્થરના ચોતરાઓ અને બેઠકો વિસામા માટે રચવામાં આવી છે. શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટિએ આ વાવ અનેરૂં મહત્ત્વ ધરાવે છે અને ભારત સરકાર દ્વારા તેને સુરક્ષિત સ્થળ ઘોષિત કરવામાં આવી છે.ઇજનેરી કૌશલ્ય ઉપરાંત આધ્યાત્મિક ભાવ ઉપજાવતી આ વાવ પર માતાજીનું સ્થાનક સ્થાપિત છે. જેમાં પૃથ્વીના ગર્ભમાં જવાના ભાવરૂપે વાવનાં ગોખમાંની માતાજી, ત્રિશૂળ, વાઘ, ગાગર વગેરે અને છેક છેવાડેના કૂવાની દીવાલ પરનું ગણેશજીનું શિલ્પ દેખાય છે, જે પવિત્ર યાત્રાનો શુભારંભ સૂચવે છે. આવી આધ્યાત્મિક ભાવના સાથે કેટલાય કુટુંબમાં નવ દંપતિને ફળદ્રુપતાના આશીર્વાદ લેવા વાવમાં દર્શન અર્થે લાવવામાં આવે છે.

**અમૃતવર્ષીની વાવ :**



અમદાવાદ પાંચ કુવા દરવાજા પાસે આવેલી ૧૭મી સદીની અનોખી અમૃતવર્ષીની વાવને રક્ષિત સ્મારક તરીકેની કક્ષામાં સમાવેશ કરી, સંપૂર્ણ રીતે તેનું રેટ્રો ફિટિંગ કરવામાં આવેલું છે. આ વાવ કાટખૂણી વાવ તરીકે પણ ઓળખાય છે. એક પ્રવેશદ્વારવાળી આ વાવની પડથારની સામ-સામેની દિવાલોમાં જોવા મળતા સંસ્કૃત અને ફારસી આલેખ પ્રમાણે સંવત ૧૭૭૯(હીજરી સંવત ૧૧૩૫)માં આ વાવ રઘુનાથદાસે બંધાવી હતી. આ રઘુનાથદાસ તે સમયનાં મોગલ સુબા હૈદર કુલીનખાનના અંગત દિવાન હતા. વાવના કુવા સાથે સંલગ્ન બે માળના ફૂટની તેમજ કાટખૂણે વળે છે તે પડથાર પહેલાની


સમગ્ર રચના અને ભૌમિતિક અંકના વચ્ચેની ભિન્નતા નોંધપાત્ર છે. વાવના ઉપર નીચેના મજલાની ઉંચાઈ અને પ્રમાણ જાળવતી જુદા પ્રકારની કમાનોનું પ્રયોજન ધ્યાનાકર્ષક છે. આવું અનોખું શિલ્પ સ્થાપત્ય ધરાવતી આ એક માત્ર વાવ છે. તેની બાંધણી, જુદા-જુદા પ્રકારની શિલ્પ કારીગરી, દ્વિવિધ ભાષામાં આલેખાયેલો ઇતિહાસ વગેરે બાબતો ખૂબ જ મનમોહક અને કાબીલેદાદ છે. આ વાવને આજે રક્ષિત સ્મારક તરીકેની કક્ષામાં મહ_વનું સ્થાન પ્રાપ્ત થયું છે. આ વાવ આજની જળપ્રેમી પ્રજાને આવા સ્મારકોની મુલાકાત લઇ ઐતિહાસીક વારસાને જાળવી રાખવાની પ્રેરણા અર્પે છે.

**દાદા હરિની વાવ :**




અસારવાના શાંત પડોશમાં કોટવાળા અમદાવાદ શહેરની ઉત્તર-પૂર્વમાં શાંત નિવાસી વિસ્તાર અને કોલસાના યાર્ડની વચ્ચે એક નાનકડી શેરીમાં તમને દાદા હરીરની વાવ જોવા મળશે. કાલુપુર રેલ્વે સ્ટેશનની નજીક ગીતામંદિર અને પાલડી બસ સ્ટેશન આવેલા છે. અહીંથી આ સ્થળે જવા આવવા માટે નિયમિત બસ આસાનીથી મળી રહે છે. જમીનના સ્તરે તમને ઝાઝુ કશું નહીં જણાય, પરંતુ જેવા પગથિયા ચડશો કે તમને સીડીઓ અને સ્તંભો છેક ઊંડે કેટલાંક મજલાઓ સુધી જતાં દેખાશે, જ્યાં તમે સુંદર કોતરણીઓ પર તેમજ ઝાંખા ખૂણાઓમાં ઉડા-ઉડ કરતાં પંખીઓ અને ચામાચીડીયા પર પડતાં પ્રકાશના કિરણોને અચાનક જુઓ છો. ૫૦૦ વર્ષ પહેલાં સુલતાન બાઇ હરીરએ બંધાવેલી આ વાવ પાણીનો કાયમી સ્રોત પૂરો પાડવા ભૂગર્ભમાં વ્યાપક કારીગરી અને બાંધકામ ધરાવતી ગુજરાતની અન્ય વાવો જેવી જ છે. ઘણા વર્ષોથી દીર્ઘ, સૂકી મોસમોમાં શહેરને આવી વાવોએ પાણી પૂરું પાડયું હતું. હવે તળીયાનું પાણી ગંદું છે, તેમ છતાં જયારે તે બની ત્યારે આવી વાવ કેટલી પવિત્ર અને મૂલ્યવાન હતી તે સમજવું અઘરું નથી. નીચે ઉતરતા તમે દિવાલો પર તમામ પ્રકારની કોતરણીઓ જોશો, તેમાંથી કેટલીક સંસ્કૃતમાં છે, તો કેટલીક અરબીમાં છે. જયારે પ્રકાશ વાવમાં ઉતરવાની તૈયારી કરે તેવા સમયે વહેલી સવારે વાવની મુલાકાત સૌથી ઉત્તમ છે. આ સ્થળે પહોંચવા માટે જાણકાર ઓટોરીક્ષા ડ્રાઇવરને શોધવો બહેતર છે. નજીકમાં બસો પણ છે, પરંતુ પગે ચાલીને જવું વધારે સારૂં છે.

**માતર-ભવાનીની વાવ :**



અમદાવાદના અસરવામાં આવેલી ૯૦૦ વર્ષ જૂની માતરભવાનીની વાવનું બાંધકામ ૧૧મી સદીમાં સોલંકી વંશના મહાન શાસક સિધ્ધરાજ જયસિંહના શાસનકાલ (ઈ.સ. ૧૦૯૪-૧૧૪૩) દરમ્યાન થયું હતું. તે ભારતમાં હાલમાં શરૂઆતની વાવોમાંથી સચવાયેલ વાવોમાની એક વાવ છે. અમદાવાદનું સ્થાપત્ય, એનો ઈતિહાસ અને સામાન્ય રૂપરેખામાં રત્ન મણીરાવ ભીમરાવે આલેખ્યું છે કે 'અમદાવાદમાં એના વસ્યા પહેલાનું બધું નાશ પામ્યું પણ માતરભવાનીની વાવ રહી." દાદા હરિની વાવથી થોડેક દુર આવેલી માતા ભવાની/માતર ભવાનીની વાવ ૪૬ મીટર લાંબી અને પ્રવેશદ્વાર ૫.૧ મીટર પહોળી છે અને કૂવાનો વ્યાસ (ડાયામીટર) ૪.૮ મીટર છે. તેનો સ્તંભો, મૂર્તિઓ અને ઈમારતનો આગળનો ભાગ (શમીયાનો) નકશી કામગીરીથી ભરેલો છે. પગથીયાઓ પણ નમુનેદાર ત્રણ માળની આ વાવનો ગોખ આકર્ષણ છે વાવમાં બહુમાળી ઝરૂખાઓ અને પગથીયાઓ પછી પાણી મળે છે. આ ઝરૂખાઓ પશ્ચિમ ધરી પર આવેલા છે. થાંભલાઓ, ખુણાઓ અને ધરીઓ આ વાવની કળાનો ઉત્તમ નમુનો છે. ઘણા સમય પછી હિંદુ દેવી ભવાનીનું નાનું મંદિર નીચલા ઝરૂખામાં બનાવવામાં આવ્યું હતું. જેના પરથી વાવનું નામ પડયું હતું. ભારતમાં હાલમાં શરૂઆતની વાવોમાંથી સચવાયેલી વાવોમાંની એક આ વાવે અનેક મુસાફરો તેમજ સ્થાનિક રહેવાસીઓને પાણીનો પુરવઠો પૂરો પાડ્યો હતો. માતા ભવાનીની વાવ આજે પણ જીવંત છે.

**જેઠાભાઈની વાવ :**



અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં આવેલ આ વાવ ૨૧૦ ફીટ લંબાઈ અને ૨૧-૨૨ ફીટ પહોળાઈ ધરાવે છે. આ વાવનું બાંધકામ જેઠાભાઈ મુળજીએ આશરે ૧૮૬૦ના દાયકામાં કરાવેલું હતું. વાવ માટે સામગ્રી મેળવવા માટે, તેણે શાહઆલમના માલિક પાસેથી મલિક આલમ તરીકે ઓળખાતી મસ્જિદનો રૌઝા ખરીદ્યો અને અમદાવાદના સ્વર્ગસ્થ કાઝી હસન-ઉદ-દીન પાસેથી તેણે રાજાપુર-હિરપુરમાં નેનપુરવાડા મસ્જિદ ખરીદી. 'સ્ટેપવેલ્સ ઓફ ગુજરાત- ઈન આર્ટ-હિસ્ટોરિકલ પર્સપેક્ટિવ' નામના પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે, દાદા હરિરની વાવની જેમ જેઠાભાઈની વાવમાં પણ પ્રવેશદ્વાર પાસે કોર્બેલ સિસ્ટમ છે. બુકમાં જણાવવામાં આવ્યું છે કે, વાવના અમુક ભાગો તો વાવ કરતા પણ વધારે પ્રાચીન છે. આ વાવમાં ચાર ઝરૂખાઓ છે અને પ્રવેશદ્વારનો ઝરુખો આવરણ કરેલ બાંધકામથી સુશોભિત છે. પ્રવેશ મંડપ છત્રવાળું છે. ઈ.સ. ૨૦૧૭-૧૮માં આ વાવનું સમારકામ ભારતીય પુરાતત્વ ખાતાં વડે કરવામાં આવ્યું હતું.

**આશાપુરાની વાવ**

અમદાવાદ શહેર એક સમયે નદીની પૂર્વમાં જ વસ્તું હતું. એટલે જ કદાચ કોટ વિસ્તારમાં જ સૌથી વધુ વાવ આવેલી છે. તેમાંય આજની સ્થિતિ જોતા લાગે છે કે રખિયાલ, બાપુનગર જેવા વિસ્તારોમાં પાણીની તંગી રહેતી હશે, એટલે જ અહીં 2-3 વાવ બનેલી છે. અનિલ સ્ટાર્ચ પાસે જ આશાપુરાની વાવ પણ આવેલી છે. આ વાવમાંથી કેટલાક સમય પહેલા આશાપુરામાંની આંગી મળી આવી હતી એટલે આસપાસના લોકો તેને આશાપુરાની વાવ તરીકે ઓળખે છે. આ વાવ ખાસ છે કારણ કે સામાન્ય વાવથી વિપરિત તેમાં બે કૂવા બનેલા છે. સાથે જ આ વાવની ઉપરનું બાંધકામ ચોરસ આકારમાં કરાયું છે.આશાપુરાની વાવના નિર્માણને લઈને પણ જાતભાતની માન્યતા છે. એક મત છે કે આશાભીલે આ વાવ બનાવડાવી હતી, તો બીજી તરફ કેટલાક લોકો માને છે કે વિ. સં. 1216માં વણઝારા કોમે આ વાવ બનાવી હતી. વાવની અંદરની સ્થાપત્ય શૈલી હિન્દુ પદ્ધતિની છે. વાવમાં ભૌમિતિક આકારના તેમજ વેલની આકૃતિના સુશોભનો પણ જોવા મળે છે.

**નિષ્કર્ષ :**

માનવ સંસ્કૃતિ અને સભ્યતામાં પાણીનું મહત્વ ઘણું છે. માનવ સભ્યતા પાણીના સંગ્રહ માટે અનેકવિધ પ્રયાસો કરતી આવી છે. ગુજરાતમાં પણ શાસકોને ભૂમિગત જળસંગ્રહનો વિચાર સદીઓ પહેલા આવેલો હતો. પાણીના સંગ્રહની આ વિશિષ્ટ પદ્ધતિ દુનિયાભરમાં અજોડ છે. ગુજરાતમાં આવેલી વિવિધ વાવ તેનું અદ્વિતીય ઉદાહરણ છે. વાસ્તુકલા, સ્થાપત્ય અને કળા કામગીરી એમ ત્રિવેણી સંગમના અદ્‌ભૂત નમૂનાઓ કહી શકાય તેવી અનેક વાવ ગુજરાતમાં આવેલી છે. ગુજરાતમાં બંધાયેલી સેંકડો પગથીયાવાળી વાવોમાંથી લગભગ ૨૫% વાવના બાંધકામમાં મહિલાઓનો ફાળો છે એવું એક અભ્યાસનું તારણ છે.

ભારતવર્ષના રાજસ્થાન અને ગુજરાત જ એવા બેરાજ્યો છે જયાં સૌથી વધારે પગથીયાવાળી વાવો જોવા મળે છે. આવી વાવના ઘણા ઉપયોગ હતા. વણઝારાઓ, યાત્રાળુંઓ અને શિકાર માટે નીકળેલી રાજવી પરિવારોની ટુકડીઓ તેનો વિસામો તરીકે ઉપયોગ કરતી હતી. સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે મહિલાઓ માટે પગથીયાવાળી વાવો બીજા પિયરની ગરજ સારતી હતી. વાવ ઉપર પાણી ભરવા આવતી મહિલાઓ એકબીજા સાથે સુખ-દુ:ખની વાતો કરી પોતાનું હૈયુ હળવું કરતી હતી. જોકે બ્રિટિશ રાજમાં આવી પગથીયાવાળી વાવોનો મૃત્યુઘંટ વાગી ગયો હતો. આમ થવાનું કારણ એ હતું કે બ્રિટિશરો આવી વાવોના પાણીને પીવાલાયક ગણતા ન હતા. આમ છતાં પણ ગુજરાતમાં હજુ ઘણી વાવ જીવંત છે. કેટલીક વાવોને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવી છે.

સંદર્ભો :

1. રત્નમણિરાવ ભીમરાવ, ગૂજરાતનું પાટનગર અમદાવાદ, ગૂજરાત સાહિત્ય સભા, અમદાવાદ, 1929.
2. ભીમરાવ રત્નમણીરાવ, અમદાવાદનું સ્થાપત્ય-એનો ઈતિહાસ અને સામાન્ય રૂપરેખા, ગુર્જર ગ્રંથરત્ન, કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 2010.
3. શેઠ, મગનલાલ વખતચંદ, અમદાવાદનો ઈતિહાસ (સન 1850 સુધીનો), ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, 2008.
4. પરમાર, કુમારપાળ અને નિમિષાબેન પટેલ (2023). મહેસાણા જિલ્લાના પ્રવાસન સ્થળો. Reserch Guru: Online Journal of Multidisciplinary Subject 17 (1): 32-38
5. ગોંડલીયા, પુરણ એ., ગુજરાતની કળાનો ભવ્ય વારસો : અડાલજની વાવ.pdf. Available on https://puran1982.files.wordpress.com
6. ચૌધરી, સોનલ એલ., અમદાવાદના સ્થાપત્યના વારસા રૂપ વાવો.pdf. Available on http://jyotirmay.baou.edu.in/chaitanya/admin/uploads.
7. https://www.gujaratimidday.com/news/gujarat-news/article/ahmedabad-heritage-city-know-about-stepwells-in-city-part-2-89865
8. https://heritageofahmedabad.com/jethabhais-stepwell/
9. https://https//hindi.indiawaterportal.org/articles/
10. https://sureshbjani.wordpress.com/2016/12/16/matar_bhavani/

**Ideal Research**
An International Multidisciplinary e -Journal

ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

## Index

### Vol. 10, Issue -03, August- 2024


| No. | Name of The Topic | Author | Subject | Page No. |
|---|---|---|---|---|
| 1 | Human Ethical Values in Education | VibhaKumari & Dr. Jay Prakash Singh | Education | 01 to 09 |
| 2 | The Impact of Social Media on Education | Dr. Atulkumar M. Patel | Education | 10 to 14 |
| 3 | Determinants of Dividend Policy and its impact on Shareholders Wealth Creation of Selected Public and Private Sector Companies in India | Mr. Jaydev Vithlani | Accontancy | 15 to 21 |
| 4 | Satan a Hero or an Evil Character in John Milton's Paradise Lost? | Mansi N. Chaudhary | English | 22 to 25 |
| 5 | Demystifying of Indian Mythological Elements in Girish Karnad's Hayavadana | Dr. Naresh A. Parmar | English | 26 to 32 |
| 6 | मशरुम की खेती -पोषण भी लाभ भी | डॉ. मयंक प्रताप & डॉ. आकांक्षा सिंह | Agriculture | 33 to 44 |
| 7 | भारतीय किसान वैज्ञानिक विधि से कोंगेस घास का जैविक खाद कैसे बनाए | डॉ. प्रदीप कुमार सैनी & Others | Agriculture | 45 to 53 |
| 8 | सामाजिक अनुसंधान में नैतिकता | डॉ. महेश एल. पटेल & डॉ. दिनेश बी. चौधरी | Sociology | 54 to 59 |
| 9 | Scheduled Castes in India: Study of Historical Marginalization, Governmental Departments, and State-wise Population | Suhaag D. Maheria | Commerce | 60 to 72 |
| 10 | An Analysis and Comparison Of Video Encryption Algorithm | Dr. Jayeshkumar N. Modi | Computer Science | 73 to 81 |
| 11 | Psychoanalytic Introspection of Shashi Deshpande's Small Remedies | Dr. Hardik S. Sharma & Dr. Nischal M. Chavda[2] | English | 82 to 98 |
| 12 | સમાજ સુધારક આદ્ય કવિ વીર નર્મદ | પ્રો. મહેશભાઈ સી. પટેલ | Gujarati | 99 to 104 |
| 13 | હિમાંશી શેલત અને વસંતકુમારી પટનાયકની વાર્તાઓમાં સ્ત્રી વિમર્શ | અમિતાકુમારી પ્રતાપ શાહુ & પ્રો. રાજેશ મકવાણા | Gujarati | 105 to 110 |

ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal



| | | | | |
|---|---|---|---|---|
| 14 | સરદાર પટેલ અને ગાંધીજીના સબંધો | ડૉ. રાજેશભાઈ બી. વાઘેલા | History | 111 to 113 |

Ideal Research
An International Multidisciplinary e -Journal
ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

# સરદાર પટેલ અને ગાંધીજીના સંબંધો

ડૉ.રાજેશભાઇ બી.વાઘેલા
અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ,
ભવન્સ કોલેજ, ડાકોર

---

સરદાર વલ્લભભાઈનો જન્મ સાહસિક પાટીદાર સમાજમાં કરમસદના વતની ઝવેરભાઈ ગલાભાઈ પટેલ ને ત્યાં ૩૧ ઓકટોબર ૧૮૭૫ ના રોજ મોસાળ નડીયાદમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબાઈ હતું. તેમની વાસ્તવિક જન્મ તારીખ કયારેય નોધાઇ ન હતી પણ તેમણે તેમની મેટ્રીકની પરીક્ષાના પેપર વખતે ૩૧ ઓકટોબર પોતાની જન્મ તારીખ લખાવી હતી સરદાર પટેલે પાછળથી કબુલ કરેલુ છે તેમ, " મનમાં આવ્યું તેમ સને ૧૮૭૫ના ઓકટોબરની ૩૧ મી તારીખ ઠોકી દીધી હતી. મારી ઉંમર પૂછવામાં આવે ત્યારે મારે ગપ્પું મારવું પડે છે. સોગંદ લઇને કહેવું પડે ત્યારે હું હંમેશાં આશરે એવો શબ્દ ઉમેરી દઉં છું (નાન્દુકર જી.એમ પૃ.૨૦૯) વલ્લભભાઈનું બાલ્યજીવન કરમસદમાંજ વિત્યું હતું. પિતા ઝવેરભાઈનો પરિવાર બહું પરિશ્રમી અને ધર્મનિષ્ઠ હતો. પિતા ઝવેરભાઈનો વારસો ઉતરેલો એટલે વલ્લભભાઈ મૂળથી જ ધણાં તોફાની, નિડર તેમજ પરાક્રમી પણ હતાં. વલ્લભભાઈએ પોતાનું નિર્માણ પોતે કર્યું હતું. વલ્લભભાઈ ૧૪ વર્ષના થયા ત્યાં સુધી અંગ્રજી નિશાળમાં ૩ ધોરણ સુધીનો અભ્યાસ તેમણે કરમસદમાં કર્યો હતો. ત્યાર બાદ આગળ ભણવા માટે ૧૫ માઈલ દૂર પેટલાદની નિશાળમાં દાખલ થયા. અહીથી વલ્લભભાઈના સમુહ જીવનની શરૂઆત થવા પામી હતી. એકજ જણ અઠવાડીયું રસોઇ બનાવતો. સફાઇકામ જેવા કાર્યો પણ જાતેજ કરતા હતા, તેમના આગેવાન વલ્લભભાઇ બન્યા હતા. ઘરની દીવાલ પર મોટા અક્ષરે 'એકતા મોટું બળ છે' તેવું સુત્ર લખ્યું હતું. આમ વલ્લભભાઇ આટલી નાની ઉંમરે સંગઠનશકિતનો ગુણ કેળવ્યો હતો. નડીયાદની હાઇસ્કૂલમાં વલ્લભભાઇ વિદ્યાર્થીઓના ખરેખર 'સરદાર' નેતા બન્યા. સ્વતંત્ર સ્વભાવ, મનના મોજી,થોડું છતાં અર્થગંભીર બોલવું અન્યાયનો સામનો,વગેરે ગુણને કારણે તેઓ હંમેશાં બીજા કરતાં અલગ વ્યકિતત્વ ધરાવતા હતા.

નડીયાદથી ૧૮૯૭માં મેટ્રીક બીજા પ્રયત્ને પાસ કરી સરદારે વકીલ થવાનો વિચાર કર્યો. વકીલાતનો ત્રણ વરસ અભ્યાસ કરી ૧૯૦૦ માં ડિસ્ટ્રિક પ્લીડરની પરીક્ષા પાસ કરી. વલ્ભભાઇએ

Ideal Research
An International Multidisciplinary e -Journal
ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

ગોધરામાં વકીલાતની શરૂઆત કરી આશરે નવ વર્ષ ગોધરા તથા બોરસદમાં વકીલાત કરી હતી. વલ્લભભાઇએ શિક્ષણકાળ દરમ્યાન સંગઠનશકિત, સમૂહજીવન, વ્યવસ્થાશકિત, નેતૃત્વશકિત ઉપરાંત સ્પષ્ટવકતા, નીડરતા, અદભૂત નેતૃત્વશકિત, પ્રેમ, ધીરજ, ઉદારતા, પ્રામાણિકતા, અન્યાય સામે પ્રતિકાર કરવાની અદ્ભૂત કળા, સમર્પણ સાદગી,ઉચ્ચ આદર્શો તેમણે કેળવ્યા હતા.

**ગાંધીજી સાથે મુલાકાત :–** ઇ.સ.૧૯૧૬ માં ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને સ્વરાજ પ્રાપ્તિની ઝંખના સાથે સ્વાતંત્ર્ય સંગ્રામની લડાઇમાં જોડાઇ ગયા. સામાજિક બંધનોથી મુકત રહી. ગૃહસ્થ જીવનની ચિંતા કર્યા સિવાય, વૈભવી જીવનની લાલસા, વકીલાત વગેરેનો મોહ દેશ સેવામાં અવરોધક પરિબળોને હંમેશાં માટે તિલાંજલી આપી.

એ દિવસોમાં આપણા રાષ્ટ્રજીવનને પલટો અપાવનાર મહાત્મા ગાંધીનું ભારત દેશમાં આગમન થઇ ચૂકયું હતું. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં વિજય મેળવીને ગાંધીજી ૧૯૧૫માં દેશમાં આવ્યા. ભારત સેવક ગોપાલકૃષ્ણ ગોખલેજીના આદેશથી દેશભ્રમણ કરી છેવટે અમદાવાદમાં કોચરબ મુકામે આશ્રમ સ્થાપીને તેઓ વસ્યા.

ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રના માણસો ગાંધીજીના આશ્રમમાં જતા અને ત્યાંની વાતો વલ્લભભાઇને કરતા. ધીમે ધીમે વલ્લભભાઇ ગાંધીજીના સંપર્કમાં આવ્યા. ગાંધીજી પ્રત્યે વલ્લભભાઇને આકર્ષણ પણ વધતું ગયું હતું. ગાંધીજીની સાદાઇ સરળતા, નિસ્વાર્થતા અને સચ્ચાઇની અસર વલ્લભભાઇ પર પડવા લાગી હતી. ગાંધીજીના ભાષણોમાં તેમના શબ્દોમાંથી વલ્લભભાઇને નવી શકતીના દર્શન થયા.વલ્લભભાઇ પટેલે જોયું કે " આ ગામડીયો જણાતો માણસ પ્રજાને સત્તા પાસે ભીખ માગવા જવાની સાફ ના પાડે છે પણ પ્રજા તરીકેના પોતાના હક મેળવવાની શકિત કેળવવાનું કહે છે" (પટેલ રાવજીભાઇ પૃ.૯) તેમની પાસે દંભ નથી આળ પંપાળ નથી સુફીયાણી વાતો નથી પણ પ્રજાને શકિતશાળી બનાવવાની વાત છે. આ વાત વલ્લભભાઇ પુરેપુરી સમજી ગયા હતા કારણકે તે એક સારા માણસ પારખું હતા.

૧૯૧૭ માં ગોધરામાં પ્રથમ રાજકીય પરિષદ મળી ત્યાં વલ્લભભાઇ ગાંધીજીના નિકટ પરિચયમાં આવ્યા પછી આગળ જતાં વલ્લભભાઇ ગાંધીજીના રંગે પુરેપુરા રંગાઇ ગયા. અને બંન્ને વચ્ચે ઐતિહાસિક સહકારનો આરંભ થયો ને ત્રીસ વર્ષ સુધી ભારતભૂમિ પર પ્રભાવ પાડતા રહયાં.

Ideal Research
An International Multidisciplinary e -Journal
ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

**સ્વતંત્ર સંગ્રામમાં યોગદાનઃ**–સરદાર વલ્લભભાઇના મત પ્રમાણે સાચુ ભારત ગામડાંમાં વસે છે. ખેડૂત એનો અગ્રણી છે અને તે કેન્દ્રસ્થાને બિરાજે છે. વલ્લભભાઇની પહેલી કારકિર્દીનો આરંભ પણ ખેડૂતોના સંઘર્ષથી થયો. બે–ત્રણ માસના ગાંધીજીના સહવાસથી સત્યાગ્રહની જે નવી પ્રણાલિકા ગાંધીજીએ પાડી તેમાં વલ્લભભાઇ પટેલ પાવરધા બન્યા. ગાંધીજીના પ્રત્યે એમની શ્રધ્ધા વધી. ગાંધીજીને આનંદ થયો કે ખેડા જિલ્લાની લડતમાં એમને મૂલ્યવાન વ્યકિત પ્રાપ્ત થઇ હોય તો તે વલ્લભભાઇ હતા. ઇ.સ.૧૯૧૭માં ખેડામાં અતિવૃષ્ટિ થતાં પાક નિષ્ફળ ગયો. તેથી દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઇ હતી. પાક છે એનાથી ઓછો હોય તો અડધુ મહેસૂલ મુલતવી રાખવાનો કાયદો હતો પણ સરકાર મહેસૂલ વધારવાનો આગ્રહ રાખતી હતી અને આ કારણો સર ખેડા સત્યાગ્રહ શરૂ થયો હતો.

ખેડા સત્યાગ્રહમાં વલ્લભાઇએ ગામડે ગામડે ફરી લોકોને તેમની ભાષામાં સમજણ આપતા હતા. આ ખેડા સત્યાગ્રહમાં વલ્લભભાઇએ પોતાનું હિર બતાવ્યું હતું. હકીકતમાં ગાંધીજી સત્યાગ્રહના સિધ્ધાંતદ્રષ્ટા અને રચયિતા હતા. તો વલ્લભભાઇ આ સિધ્ધાંતોના ભાષ્યકાર અને વ્યવહારુ રીતે અમલો બનાવનારા કર્મયોગી હતા. ગાંધીજીના પ્રત્યેક કાર્યો સાથે વલ્લભભાઇનો અતુટ નાતો બંધાઇ ગયો હતો.

આમ ખેડાની લડત વખતે ગાંધીજીના સેનાપતિપણા નીચે વલ્લભભાઇ નેતાગીરીના પાઠ શીખ્યા અને તેમાં ગાંધીજીએ વલ્લભભાઇનું ઝવેર પારખી લીધું. આ ઉપરાંત અમદાવાદની મિલોના મજૂરોની હડતાલમાં ગાંધીજી સાથે તેના સફળ સંચાલન માટે તેના નિરાકરણમાં વલ્લભભાઇનો ફાળો અમૂલ્ય રહયો હતો.

ઇ.સ.૧૯૨૩ માં વલ્લભભાઇએ બોરસદની લડત ચલાવી વલ્લભભાઇએ ગામડે ગામડે ફરી
લડતનું સંગઠન કર્યું. સરકારને પણ ઝાટકી કાઢી અને એક મહિનામાં સરકારે બધો દંડ માફ કરવો
પડયો. આમ આ સત્યાગ્રહથી તેમને રાષ્ટ્રીય નેતા તરીકે ઓળખવામાં આવ્યા.
ઇ.સ.૧૯૨૮ માં બારડોલીમાં ૨૨ ટકા વધારે મહેસૂલ ખેડૂતો ઉપર નાખવામાં આવ્યું તેના કારણે
બારડોલી સત્યાગ્રહ શરૂ થયો જેનું સુકાન ગાંધીજી ના કહેવાથી વલ્લભભાઇએ સંભાળ્યું હતું. આ
લડતને પટેલ, તલાટી, વેઠિયા, વણિક, મુસ્લિમ, રાનીપરજ, પારસી જેવી સર્વ કોમનો ટેકો મળ્યો
હતો.આ લડતની સફળતાથી તેમનું નામા "ખેડૂતોના સરદાર" પડયું હતું.

Ideal Research
An International Multidisciplinary e -Journal
ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

ગોધરા પરીષદમાં ગાંધીજી પ્રમુખ થયા હતા અને તે વેળા આંકવામાં આવેલા રચનાત્મક કાર્યને મૂકવાને નિમાયેલા મંડળના શ્રી વલ્લભભાઇ મંત્રી થયા હતા. આ મંડળની પ્રવૃતિના ખબર ગાંધીજીને ચંપારણમાં શ્રી માવલંકર મારફતે મળતા હતા.

**જેલના સાથીદાર તરીકે** :–ઇ.સ.૧૯૩૨ માં ૧૮૨૭ના નિયમ નંબર ૨૫ અનુંસાર ગાંધીજી અને સરદારની ધરપકડ કરવામાં આવી અને તેમને મોટરમાં યરાવડા લઇ જવામાં આવ્યા. ગાંધીજી ઇ.સ.૧૯૩૩ ના ઉનાળામાં છૂટયા પણ વલ્લભભાઇ ૩૦ મહીના સુધી એટલે કે ઇ.સ.૧૯૩૪ના જુલાઇ સુધી જેલમાં રહયા હતા.

**મહાદેવભાઇની ડાયરી,૨૯/૦૫/૩૨** :– આજની ટપાલમાં કોઇ મૂરખનો કાગળ આવ્યો.લેખકે બાપુને પૂછાવ્યુ છે કે ત્રણ મણની કાયા ધરાવતો માણસ ધરતી પર ચાલે ત્યારે કીડીઓ કચડાઇ જાય તે શી રીતે અટકાવી શકાય ? વલ્લભભાઇએ તરતજ કહયું તેને લખોકે પગ માથા પર લઇને ચાલે.

**મહાદેવભાઇની ડાયરી,૨૪/૧૧/૩૨** :– એક જણે લખ્યું છે કે તેને વહું ગમતી નથી કારણ કે બહું કદરૂપી છે. વલ્લભભાઇએ બાપુને તરત જ સલાહ આપી ' તેને લખો કે આંખો ફોડીને આંધળો થાય. પછી વહું જોડે સુખચેનથી જીવાશે '

**સરદારશ્રીનો પત્ર તા.૨૫/૭/૧૯૨૭** :–પૂજય બાપુ,ઓપરેશન કરાવવાનું દેશમુખની સલાહથી બંધ રાખ્યું છે. ઇજેક્ષન અને બીજી દવા ચાલે છે. ઓપરેશન કરાવવાની બીજા મિત્રોની સલાહ નથી.બારડોલીમાં હજી વરસાદ રહયો એટલે રસ્તા પડતાં વાર લાગશે. આપણા માણસો પુરવાની તૈયારી કરી રહયા છે. તૈયાર થશે એટલે હું સરકારમાં તપાસ શરૂ કરવા લખવાનું ધારું છું(નાંલુરકર.જી.એમ.પૃ.૨૭૩).

આ સબંધ ગુરૂ શિષ્યનો સંબંધ ન હતો. વલ્લભભાઇ ગાંધીજીની ખૂબ ઠેકડી ઉડાવતા અને તેમના અભિપ્રાયોની ટીકા કરતા નાના ભાઇની સરખામણી વધારે યોગ્ય જણાય છે. વલ્લભભાઇ મદદગાર, માન રાખનાર દલીલબાજ છતાં આજ્ઞાંકિત નાના ભાઇ હતા. પોતાનાં સ્વમાન અને સ્વતંત્ર મિજાજને કારણે ગાંધીજી સાથે ચોખ્ખીચટ દલીલો પણ કરતા પણ આખરે ગાંધીજીનું કહેલું કબુલ પણ કરતા. વલ્લભભાઇએ ગાંધીજી જીવે ત્યાં સુધી હું તેમને વળગી રહેવાનો છું તેવી પ્રતિજ્ઞા લીધી હતી.(દેસાઇ મહાદેવભાઇ પૃ.૨૪)

Ideal Research
An International Multidisciplinary e -Journal
ISSN: 2454-857X
www.idealresearch.in
Impact Factor: 2.835 (I2OR)
Peer Reviewed Journal

**સંદર્ભસુચી** :–

૧.નાન્દુરકર,જી.એમ,સરદારશ્રી કે પત્ર વોલ્યુમ–૨ (સં.પા.)છગનલાલ જોષીને ૭–૩૪નો પત્ર, અમદાવાદ,વર્ષ.૧૯૮૧.

૨.પટેલ,રાવજીભાઇ મણીભાઇ,હિંદના સરદાર,નવજીવન અમદાવાદ,વર્ષ.૧૯૭૨.

૩.દેસાઇ મહાદેવભાઇ,વીર વલ્લભભાઇ,સરદાર પટેલ યુનિ.વલ્લભવિદ્યાનગર, વર્ષ. ૧૯૭૪.

૪.નાંલુરકર,જી.એમ.(સંપા)બાપુ,સરદાર અને મહાદેવભાઇ,જન્મશતાબ્દી ગ્રંથમાળા–ગ્રંથ ચોથો, સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારક ભવન અમદાવાદ,વર્ષ.૧૯૭૭.